પ્રે

નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧
ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા અલ્પસંખ્યક તથા દિવ્યાંગ સમુદાયની વિવિધ યોજના માટે યોજાનાર જાગૃતિ શિબિરોની નવી બાબતની વહીવટી મંજૂરી અંગે

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ-૧૧૨૦૨૦-૮૦૧૬૮-ન.બા.૭૪-અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૨/૦૭/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૬/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૨૭

આ મુ ખ :-

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમએ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ (NMDFC) ની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે વર્ષ ૨૦૦૦-૦૧થી કામગીરી કરે છે, અને રાષ્ટ્રીય વિકલાંગ નાણાં અને વિકાસ નિગમ (NHFDC) ની સીધા ધિરાણની યોજના અંતર્ગત આ નિગમ દ્વારા અલ્પસંખ્યક તથા વિકલાંગ સમુદાયના ગરીબી રેખાથી નીચે જીવતા ઈસમોને વિવિધ યોજનાઓમાં જેવી કે (મુદતી, શૈક્ષણિક, માઈક્રોફાઈનાન્સ) ધિરાણ કરવામાં આવે છે. નિગમની યોજનાઓની જાણકારી અને તેનો વ્યાપ વધે તે માટે ગુજરાતભરમાં અલ્પસંખ્યક તથા દિવ્યાંગ સમુદાયમાં વિવિધ યોજનાઓની જાણકારી વધે તે માટે જાગૃતિ શિબિરો યોજવા માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલ રૂ.૧૦.૦૦ લાખ(રૂ.દસ લાખ પૂરા)ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ તેની યોજનાઓની જાણકારી અને તેનો વ્યાપ વધે તે માટે ગુજરાતભરમાં અલ્પસંખ્યકની વધુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં લઘુમતી સમાજની યોજનાઓની તથા દિવ્યાંગ સમુદાયની વિવિધ યોજનાઓની જાણકારી વધે તે માટે જાગૃતિ શિબિરો યોજવા માટે નાણાંકીય વર્ષ

૨૦૨૦-૨૧માં પ્રત્યેક જાગૃતિ શિબિર દીઠ રૂ.૫૦,૦૦૦/-ના ખર્ચની મર્યાદામાં કુલ ૨૦ અવેરનેશ કેમ્પ માટે રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શ ર તો :-</u>

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આઇ..ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ યોજનાઓનું અંગેનું ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૦ થી કરવાનું રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૧૨. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના કિસ્સામાં ભારત સરકાર દ્વારા ખરેખર છુટી થયેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૩. યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહિ અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

૧૪. નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવમાં તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી પ્રતિબંધિત કરેલ ખર્ચ વિષયક બાબતો પર ખર્ચ ન થાય તે વિભાગે જોવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક નં.-૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ કલ્યાણ અને લઘુમતી કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૪-લઘુમતીનું કલ્યાણ, ગૌણ સદર:૧૯૦-જાહેર સાહસોને સહાય, પેટા સદર:૦૧-એમ.એન.ટી.-૯ અલ્પસંખ્યક આર્થિક વિકાસ નિગમ વહીવટી ગ્રાન્ટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ.